

ગુજરાતમાં રાણી પદ્માવતી ફિલ્મ રિલીઝ કરવાના સુપ્રીમ કોર્ટના ચૂકાદાનો મહાકાલ અને કરણી સેના દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. જ્યાં રાજ્યભરમાં ઠેર- ઠેર હાઈવે ઉપર ચક્કાજામ કરી પથ્થમારો તેમજ એસ.ટી. બસોને આગ લગાડવાની ઘટનાઓ બની રહી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ડેપોમાંથી સો બસોના રૂટ કેન્સલ કરી દેવામાં આવ્યા છે. જેના પગલે મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા રાણી પદ્માવતી ફિલ્મ રિલીઝ કરવાનો ચૂકાદો આપવામાં આવતાં રાજપૂત સહિતના સમાજોમાં ઉગ્ર રોષ ઉદ્દભવવા પામ્યો છે. અને આ ફિલ્મને થિયેટરોમાં રજુ થતી અટકાવવા માટે તેઓ રસ્તા ઉપર ઉતરી આવી ઉગ્ર આંદોલનની શરૂઆત કરી છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં મહાકાલસેના અને કરણીસેના દ્વારા શનિવારે કાંકરેજના થરા, ડીસાના રસાણા, ડીસા- પાલનપુર હાઈવે, પાલનપુર- અંબાજી હાઈવે ધાનેરામાં ઠેર- ઠેર ચક્કાઝામ કરી ટાયરો સળગાવવામાં આવ્યા હતા. તો બીજી તરફ એસ. ટી. બસોને આગ ચાંપી દેવાના બનાવો પણ બનવા પામ્યા છે. આ ઘટનાઓ બાદ હજુ પણ આંદોલન ઉગ્ર બનવાની શક્યતાઓ જોવામાં આવી રહી છે. ત્યારે ગુજરાત રાજ્ય વાહનવ્યવહાર નિગમના બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ડેપો દ્વારા એસ. ટી. બસના ૧૦૦ રૂટ કેન્સલ કરી દેવામાં આવ્યા છે. જેના પગલે બસ સ્ટેન્ડમાં મુસાફરો અટવાઈ ગયા હતા.

# ગુજરાતની ભૂમિ પવિત્રતા, દિવ્યતાની વાહક છે : રામનાથ કોવિંદ

અમદાવાદ, તા. ૨૨

ગોંડલ સ્થિત વિશ્વ વિખ્યાત અક્ષર દેરીની સાર્ધ શતાબ્દિ વર્ષની ઉજવણીમાં આજે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, રાજ્યપાલ ઓપી કોહલી અને મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહભાગી બની સેવા, પવિત્રતા અને આધ્યાત્મિકતાના નાદને બૂલંદ બનાવ્યો હતો.

રાષ્ટ્રપતિએ બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનને માનવ સેવાની ભેખધારી ગણાવી હતી. અક્ષરદેરીના સાર્ધ શતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે ૧૧ દિવસના યોજાયેલ કાર્યક્રમમાં આજે અક્ષરવાડીમાં સ્વામિનારાયણ નગર ખાતે ૨૦૦ એકરમાં ઉભા કરાયેલા સભાના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદેથી ઉદબોધન કરતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું હતું કે, ગોંડલની અક્ષર દેરીના દર્શન કરવાનો અવસર બીજી વખત પ્રાપ્ત થયો છે. આ પૂર્વે પણ, બિહારના રાજ્યપાલની ફરજ દરમિયાન અક્ષર દેરીના દર્શન કર્યા હતા અને આ ભૂમિના પુણ્યપ્રતાપના કારણે હું થોડા દિવસો બાદ રાષ્ટ્રપતિની જવાબદેહી મળી હતી. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, આ સંસ્થા માનવતાની સેવાનું ભીગરથકાર્ય કરી રહી છે.

ગુણાતીન સ્વામીએ તો એ સમયે સેવાની રીતસરની આલહેક જગાવી હતી. તત્કાલીન સમયે પ્રવર્તતી અંધશ્રદ્ધા, જ્ઞાતિ-જાતિ, ઊંચ-નીચના ભેદભાવને ભુસી જનકલ્યાણનો યજ્ઞ આરંભ્યો હતો જે આજપર્યંત ચાલે છે. દેશવિદેશમાં કાર્યરત ૫૫ હજાર સ્વયંસેવકો



જનકલ્યાણની ફોજ છે. કોવિંદે જણાવ્યું કે, આ સંસ્થાએ માનવતાના કલ્યાણ માટે આધ્યાત્મિકતાને બુનિયાદ બનાવી છે. સેવાની મહેક દેશ વિદેશમાં પ્રસરાવી છે. નિસ્વાર્થ અને પરમાર્થ સેવાના પૂર્વ રાષ્ટ્રપતિ પ્રશંસક હતા. સ્વ. કલામના પ્રમુખ સ્વામી મહારાજ સાથેના સંસ્મરણોની ઝાંખી આજે પણ રાષ્ટ્રપતિ ભવનમાં જોવા મળે છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ઉમેર્યું કે, ગુજરાતમાં વ્યવહારિકતા અને આધ્યાત્મિકતાનો સુભગ સમન્વય જોવા મળે છે. ગાંધીજીના પ્રિય ભજન વૈષ્ણવજનની રચનાની પ્રેરણા પણ અહીંથી મળી હતી. સરદાર પટેલ અને મોરારજી દેસાઈ જેવા પ્રબળ સબળ સેવકોની પ્રેરણાભૂમિ રહી છે. પવિત્રતા, દિવ્યતા, નૈતિકતાની વાહક આ ભૂમિ અને આ સંસ્થા રહી છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પવિત્રતા, દિવ્યતા, નૈતિકતા દ્વારા ચારિત્ર નિર્માણ અને એના થકી પરિવાર, સમાજ અને રાષ્ટ્ર નિર્માણનું કાર્ય થઈ રહ્યું છે. માનવતાના કલ્યાણનું મહાકાર્ય થઈ રહ્યું છે. તેમણે સ્વામિનારાયણ મંદિરોમાં સ્વચ્છતાની બાબતની પ્રશંસા કરી હતી.

# મોડાસાના ફુટા ગામે પાંચ પશુઓના ભેદી મોત

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના ફુટા ગામે ૫ પશુઓના ભેદી મોત નિપજતાં ગરીબ પરિવાર



શોકમાં ગરકાવ થઈ ગયો છે. ઘટનાને પગલે પશુચિકિત્સક અને મોડાસા રૂરલ પોલીસ ઘટના સ્થળે દોડી ગયા હતા.

ફૂટા ગામે ગરીબ પરિવારના એક સાથે ૫ દુધાળા પશુઓના મોત થતા શોકમાં ગરકાવ પરિવાર સાવ નિરાધાર બની ગયો છે.

મૃત પશુઓ મગફળીના દાણામાં ભેળવેલ ફોરેટ ઝેરી દવાના કારણે મોત નીપજ્યાનું અનુમાન થઈ રહ્યું છે. અલબત્ત, એક સાથે ૫ પશુઓના મોતનું કારણ હજુ તપાસનો વિષય છે. લોકોએ આ શોકાતુર પરિવારને શાન્તવના આપી હતી અને સરકાર તરફથી કઈક રાહત, મદદ મળે તેવી માંગ પણ કરી રહ્યાં છે. પશુચિકિત્સક અને પોલીસે તપાસ આરંભી છે ત્યારે પાંચ પશુઓને ગુમાવનાર સાવ નિરાધાર બનેલા પરિવારને આ ઘટનાથી પડેલો મોટો આર્થિક ફટકો અને ઝુટવાઈ ગયેલી આજીવિકાથી ઉભી થયેલી દયનિય અને કફોડી હાલતમાંથી ઉગારવા સરકાર યોગ્ય મદદરૂપ બને તેવી સ્થાનિકો અને ભોગ બનેલ પરિવાર ઈચ્છી રહ્યું છે.





## મોડાસામાં ફિલ્મ પદ્માવતનો વિરોધ

અરવલ્લી જિલ્લાના મોડાસામાં કલેક્ટર કચેરી સામે રાજપૂત સરદારોએ પદ્માવત ફિલ્મનો વિરોધ નોંધાવ્યો હતો અને કલેકટર કચેરી સામેથી રેલી યોજી સુત્રોચાર કરવામાં આવ્યા હતા. અને પદ્માવત ફિલ્મને અરવલ્લી જિલ્લાના થિયેટરો ન દર્શાવવામાં આવે તેવી માંગ કરી હતી. સંજય લીલા ભણસાલી દ્વારા ડાયરેકટ કરવામાં આવેલી પદ્માવત ફિલ્મમાં હિન્દૂ સંસ્કૃતિ અને રાજપૂત સમાજને ઠેશ પહોંચે એવા દ્રશ્યો હોવાથી રાજપુત સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. જેના વિરોધમાં અરવલ્લી કલેકટરને આવેદનપત્ર આપી આ ફિલ્મ અરવલ્લી જિલ્લાના થિયેટરોમાં બતાવવામાં ન આવે તેવી માંગ કરી હતી.

## બનાસકાંઠા જિલ્લાના બે દૂરદર્શન ટીવી રીલે કેન્દ્રો બંધ કરવા આદેશ

ભારત સરકાર ની વિવિધ ઉપ્લબધીયો, પ્રજાલક્ષી સરકારી યોજનાઓ તેમજ સરકારે પ્રજાલક્ષી કરેલી કામગીરી ના અહેવાલો પ્રજા સુધી ટીવી માધ્યમથી પહોંચી શકે તે માટે ભારત સરકાર દ્વારા વિવિધ સ્થળોએ દૂરદર્શન ચેનલ સરળતા થી જોઈ શકાય તે માટે રીલે કેન્દ્રો સ્થાપિત કરાયા હતા. જોકે કોઈપણ કારણો વર્ષ મોટા ભાગ ના આવા દૂરદર્શન ટીવી રીલે કેન્દ્રોપ્રશ્ર ભારતી બોર્ડ દ્વારા બંધ કરવાનો નિર્ણય લેવાયો છે જેને લઈ બનસકાંઠા જિલ્લામાં આવેલા અંબાજી અને પાલનપુર ના પ્રસારભારતી ના બે દૂરદર્શન ટીવી રીલે કેન્દ્રો પર ની પ્રસારણ સેવાઓ ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ના મધ્ય રાત્રીથી બંધ કરી દેવામાં આવશે જે હવે પછીથી ડી.ડી. નેશનલ અને સી.સી. ગિરનારની સેવાઓ દૂરદર્શનના ડી.ટી.એચ. ડીસાના માધ્યમથી પ્રસારણ જોઈ શકાશે.

# થરાદના પાવડાસણમાં બે પડોશીઓ વચ્ચે ધિંગાણું

### ચાર મહિલા સહિત છ ને ઈજા : ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે પાલનપુર, ધાનેરા અને થરાદની હોસ્પીટલમાં ખસેડાયા

થરાદ, તા. ૨૨

પાવડાસણના કાચબા રત્નાજી રબારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે રવિવારની બપોરે તેમના ખેતરના પડોશી મેરૂજી ઠાકોર સાથે એકબીજાનાં પશુઓ ખેતરમાં ન આવે તે માટે શેઢા પર ઝાડ સાથે તારની વાડ કરવાની વાત કર્યાના થોડા સમય પછી મેરૂજી ઠાકોર ત્રણ પુત્રો અમરાજી ઠાકોર રમેશજી ઠાકોર અને રવજીજી ઠાકોર સાથે મેસી ટ્રેક્ટર પર તેમના ખેતરમાં અચાનક ધસી આવ્યા હતા. આથી ઓરડી આગળ બેઠેલ નાનાભાઈ કાંનાભાઈ રબારી તથા બીજા નાનાભાઈની પત્ની ગવરીબેન ખસી ગયા હતા. પરંતુ પોતાની પત્ની મફીબેન ખસી ન શકતાં તેમના પગ પર ટ્રેક્ટરનું ટાયર ચડાવી દીધુ હતું. આથી તેમના કાંનાભાઈ આ અંગે કહેતા ફરીથી ટ્રેક્ટર રીવર્સ લઈ બીજા પગ પર ચડાવી દીધું હતુ તેમ જ તલવાર, કુહાડી અને લાકડી લઈને ઉતરી આડેધડ હુમલા કરી





નાનાભાઈના માથામાં અને ગૌરીબેન છોડાવવા માટે વચ્ચે પડતા ધોકા વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેમને સારવાર અર્થે ૧૦૮માં ધાનેરા અને ત્યાંથી પાલનપુર ખસેડાયા હતા.

સામે પક્ષે રમેશભાઈ ઠાકોરે ફરીયાદમાં જણાવ્યું હતું કે રવિવારે બપોરે સાડા ત્રણ વાગ્યાના સુમારે તેમના મોટાભાઈ રવજીભાઈના ઘરે ઘણા માણસો ભેગા થયેલા હોઈ અને રમેશભાઈ ઘેર નહી હોઈ તેમના રાયડાના પાકને નુકશાન થાય તેમ હોઈ તેઓ કહેવા જતાં કાંનાભાઈ રત્નાભાઈ રબારી, પનાભાઈ રત્નાભાઈ રબારી તેમ જ અજાણ્યા બે માણસો હાથ લોખંડની પાઈપ તેમ જ લાકડી સાથે આવ્યા હતા અને આ જમીન મારા નામે કરાવી દો તેમ કહી અપશબ્દો બોલતાં રમેશભાઈએ ના પાડતાં ઉશ્કેરાઈ જઈ લોખંડની પાઈપ તેમના માથામાં ફટકારતાં નજીકમાંથી માતા સમજુબેન તેમને છોડાવવા વચ્ચે પડતાં તેમના પર હુમલો કરી હાથે ફેક્ચર કર્યું હતું. તેમજ બીજા માણસોએ રમેશભાઈની માલિકીનું જીજે.૦૮પી.૪૨૯૮ નંબરનું ટ્રેક્ટર ચાલુ કરી તેના વડે તેમના મોટા ભાઈનું ઘર પણ પાડી દીધું. તેઓ માતા પુત્ર અને ભાભી રમીબેન અમરતભાઈ ઠાકોરને પણ માથામાં મારતાં ગંભીર ઈજાના કારણે થરાદ સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. જ્યાંથી વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## ગેલેક્સી સર્ફેક્ટન્ટ્સ લિમિટેડનો આઈપીઓ ૨૯મીએ ખુલશે અને ૩૧મીએ બંધ થશે

**પ્રાઇઝ બેન્ડ ઇક્વિટી શેરદીઠ રૂ. ૧,૪૭૦ થી રૂ. ૧,૪૮૦**

ગેલેક્સી સર્ફેક્ટન્ટ્સ લિમિટેડ (“કંપની”)એ ૨૯ જાન્યુઆરી, ૨૦૧૮ને સોમવારના રોજ ૬,૩૩૧,૬૭૪ ઈક્વિટી શેરનો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે, જેમાં રોકડ માટે ઓફર થનાર શેરની ફેસ વેલ્યુ રૂ. ૧૦ છે (“ફેસ વેલ્યુ”). ઓફર પ્રમોટર સેલિંગ શેરધારકનાં ૩૯,૨૫૦ ઈક્વિટી શેર સુધીની ઓફર ફોર સેલ (ઓએફએસ), પ્રમોટર ગ્રૂપ વિક્રેતા શેરધારકો દ્વારા ૨,૧૦૭,૮૦૪ ઈક્વિટી શેર અને અન્ય વિક્રેતા શેરધારકો દ્વારા ૪,૧૮૪,૬૨૦ ઈક્વિટી શેર ધરાવે છે.

ઓફરનો ગાળો ૩૧ જાન્યુઆરી, ૨૦૧૮ને બધુવારે બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર ઓફરનો ગાળો ૨૫ જાન્યુઆરી, ૨૦૧૮ને ગુરુવારનાં રોજ ઓફર ખુલવાની તારીખનાં એક દિવસ અગાઉ રહેશે.

ઓફરની પ્રાઇઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧,૪૭૦થી રૂ. ૧,૪૮૦છે. બિડ લઘુતમ ૧૦ ઈક્વિટી શેરનાં લોટમાં અને પછી ૧૦ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે.

૧૬ જાન્યુઆરી, ૨૦૧૮નાં રોજ પ્રસ્તુત રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ (“આરએચપી”) મારફતે ઈક્વિટી શેર ઓફર થયાં છે તથા નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (“એનએસઈ”) અને બીએસઈ લિમિટેડ (“બીએસઈ”) પર લિસ્ટેડ થવાની દરખાસ્ત છે. ઓફરનાં હેતુ માટે નિયુક્ત સ્ટોક એક્સચેન્જ એનએસઈ હશે.

ઓફરનાં બુક રનિંગ લીડ મેનેજર્સ (“બીઆરએલએમ”) આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ, એડલવાઈસ ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ અને જેએમ ફાઈનાન્સિયલ લિમિટેડ છે.

## તેલની બચતના સંદેશા સાથે માનવ સાંકળ અને સાયકલ રેલી યોજાઈ

તેલ અને ગેસ સંરક્ષણ ઝુંબેશ -સક્ષમ (સંરક્ષણ ક્ષમતા મહોત્સવ) ૨૦૧૮માં આજે સાયકલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં ૩૦૦થી પણ વધુ સાયકલિસ્ટોએ ભાગ લઈ તેલ અને ગેસનાં વપરાશમાં બચત કરી પર્યાવરણનું રક્ષણ કરવાના શપથ લીધા હતાં અને એક વિશાળ માનવ સાકળ રચવામાં આવી હતી.

આ પ્રસંગે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ.ના ગુજરાતન એક્ઝીક્યુટિવ ડાયરેક્ટર સંજીવકુમાર જૈને આજની સાયકલ રેલીમાં ભાગ લઈ રહેલા ૩૦૦થી વધુ વધુ સાયકલિસ્ટોને તેલ ઉદ્યોગના અધિકારીઓ, ડિસ્ટ્રીબ્યુટરો સહિતના તમામ લોકોને પેટ્રોલિયમ પેદાશોના સંરક્ષણ, તેની જાળવણી અને તેના વિવેકપૂર્ણ ઉપયોગ અંગેની પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી. સંજીવકુમાર જૈને આ પ્રસંગે રોજબરોજની લાઈફમાં પેટ્રોલિયમ પેદાશોનો ઓછો વપરાશ કરવો જોઈએ અને સાયકલનો વપરાશ વધારે કરવા ઉપર ભાર મૂકયો હતો. સાયકલના વધુ ઉપયોગથી પેટ્રોલિયમ પેદાશોની સારા પ્રમાણમાં બચત થઈ શકશે.

સંજીવકુમાર જૈને વધુમાં જણાવ્યું હતું ભારત પાસે પેટ્રોલિયમ પેદાશોના મર્યાદિત સંશાધનો સામે ભાવિ પડકારો બહુ છે અને જો હજુ પણ આપણે તેલ-ગેસ સહિતની પેટ્રોલિયમ પેદાશોની ગંભીરતા કે તેનું મૂલ્ય સમજીશું નહી તો, આવનારી પેઢીને તેના માઠા પરિણામો ભોગવવાની પરિસ્થિતિનું નિર્માણ થશે. સક્ષમના આ મહાભિયાનમાં ગુજરાતનો જન-જન જોડાઈ તેમાં લોકભાગીદારી થાય તે જ અમારો આશય છે. એક મહિના સુધી ચાલનારા સક્ષમ-૨૦૧૮ના કાર્યક્રમ દરમિયાન લોકોને કાર પુલીંગ કરવું, વાહનોમાં થતું લીકેજ કેવી રીતે અટકાવવું, તેમજ ટ્રાફિક સિગ્નલ ઉપર જ્યારે લાલ લાઈટ હોય ત્યારે વાહન બંધ કરી પેટ્રોલ તેમજ ડિઝલની બચત કરવી તે અંગેની બચત કરવી તે અંગેની સમજણ આપવામાં આવી હતી.

## ઓલ ઈન્ડિયા વુમન ડોક્ટર્સ કોન્ફરન્સ ‘ઈવકોન-૨૦૧૮’માં મહિલા સશક્તિકરણનો મુદ્દો છવાયો

અમદાવાદ મેડિકલ એસોસિએશન (એએમએ)ની વુમન ડોક્ટર્સવિંગ દ્વારા ઈન્ડિયન મેડિકલ એસોસિએશનનાં નેજા હેઠળ ઓલ ઈન્ડિયા વુમન ડોક્ટર્સ કોન્ફરન્સ ઈવકોન-૨૦૧૮ આજરોજ શહેરમાં આવેલા પંડિત દિનદયાળ ઓડિટોરિયમ ખાતે એક દિવસીય ‘ઈવકોન-૨૦૧૮’ યોજાઈ હતી. તેની મુખ્ય થીમ ‘જર્ની ઓફ ઈવ ટુ ‘ઈ’-વુમન’ હતી. ઈવકોન-૨૦૧૮માં સમગ્ર દેશભરમાંથી કુલ ૧૫૫૦ મહિલા ડોક્ટરોએ ભાગ લીધો હતો.

ઈવકોન-૨૦૧૮નાં મુખ્ય અતિથિ તરીકે વર્લ્ડ મેડિકલ એસોસિએશનનાં તત્કાલીન પૂર્વ અધ્યક્ષ ડો. કેતન દેસાઈએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે ભારત સહિત સમગ્ર વિશ્વમાં મહિલાઓ સશક્ત બની છે તે ખૂબ જ આનંદની વાત છે. આજના સમયમાં મહિલાઓ દરેક ક્ષેત્રમાં અત્યંત પ્રસંશનીય કામગીરી કરી રહી છે. ત્યારે તેમની જવાબદારીઓ પણ વધી છે. પ્રગતિ અને આધુનિકતાનાં સમયમાં મહિલાઓએ દરેક ક્ષેત્રે સંતુલન સાધવા માટે સુસજ્જ રહેવું જોઈએ.

ડો. કેતન દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે, કાર્ય કરતી મહિલાઓ માટે તેઓના મુળ પાંચ ગુણ પ્રતિષ્ઠા, ઈજ્જત, સ્વમાન, ગરિમા અને આત્મસન્માન જાળવવા સૌથી મોટો પડકાર રહેતો હોય છે. જેથી મહિલાઓએ પોતાની વિચારધારા બદલીને મનથી જીતવું પડશે, તો જ તે પોતાના વિકાસ સાથે સમાજના વિકાસમાં ભાગીદાર બનશે.



## ગાંધીનગર ખાતે એક નવી સંસ્થાનો ઉદય

ગાંધીનગરના સેકટર-૩-એ ન્યૂ ખાતે ૧૯મી જાન્યુઆરીના રોજ ભારતીય પ્રસાનિક સુધાર એવં જન શિકાયત પરિષદ અને કેર ઓફ પોલીસ સેક્રીફાઈસ, જમશેદપુર સંચાલિત એક સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. પ્રથમ એડિશનલ ચીફ સેક્રેટરી પ્રતિભા દેશમુખની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ગુજરાતભરમાંથી હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## ડ્રાફ્ટ બજેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જે સુધારા સુચવ્યા છે તેને લક્ષમાં તંત્ર દ્વારા કેવી કાર્યવાહી કરવામાં આવી રહી છે તેના પર પણ ધ્યાન કેન્દ્રીત કરાશે. આ ઉપરાંત અર્બન હેલ્થ મિશન અંતર્ગત પણ કેન્દ્રમાંથી ગ્રાન્ટ વધુ મેળવવાના શું પ્રયાસો કરાયા તેની વિગતો રજુ કરી કમિશ્નર સેવાઓના સઘનીકરણની દિશાના સંકેત આપશે તેમ મનાઈ રહ્યું છે. મનપાના આવકના સાધનો પૈકી સે. ૨૮ની મીની ટ્રેઈન-બોટીંગ હાલ બંધ હોવાથી તેની અસરો પણ મનપાના વિકાસ પામતા અર્થતંત્ર પર પડી રહી છે જે ઉલ્લેખનીય છે. આ ઉપરાંત સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત નગરવાસીઓ પાસેથી લોકફાળો પણ મેળવવાની નીતિ હોવાથી કમિશ્નર શું વિચારી રહ્યા છે તેના સંકેતો પણ બજેટમાં દેખાશે તેવા ગણિત અર્થશાસ્ત્રીઓ માંડી રહ્યા છે.

આ બજેટમાં મનપાનો મોટો ખર્ચ રિનોવેશન પાછળ જ થશે કારણ કે સરકાર દ્વારા જુના અને બેહાલ થયેલા રંગમંચો તેમજ બગીચાઓ ફાળવવામાં આવેલ છે. જેના રિનોવેશનમાં સારો એવો ખર્ચ થાય છે. આ ઉપરાંત મનપા પાસે જમીન નહિ હોવાથી તેની બજેટમાં કહેલી વાતો પોથીમાંના રીંગણા જેવી સાબિત થઈ રહી છે. હવે તંત્રને નક્કર વાતો કરવાનો સમય આવી પહોંચ્યો છે. કારણ કે સાત વર્ષ રચનાને પૂર્ણ થયા છે એટલે લોકો હવે હિસાબ માંગશે અને તેથી જ મનપાના આ બજેટમાં સેવાઓના સઘનીકરણ પર ભાર મુકવામાં આવશે.

## નેતાનો હવાલો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિરોધપક્ષના નેતા તરીકે નિમણૂંક કરી હતી. દરમ્યાન કોંગ્રસના યુવા નેતા પરેશ ધાનાણીએ ગાંધીનગરમાં સચિવાલય ખાતે પૂજાપાઠ અને વિધિ સાથે પ્રવેશ મેળવ્યો હતો અને પૂજા બાદ ભગવાનના આશીર્વાદ લીધા બાદ વિરોધપક્ષના નેતા તરીકેનો વિધિવત્ કાર્યભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે કોંગ્રેસ પક્ષના સ્થાનિક નેતાઓ ભરતસિંહ સોલંકી, મધુસૂદન મિસ્ત્રી, કુંવરજી બાવળિયા, અર્જુન મોઢવાડિયા સહિતના આગેવાનો અને કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને તેમને પુષ્પગુચ્છ આપી શુભેચ્છા-અભિનંદન પાઠવ્યા હતા. તો, ધાનાણીએ પણ સૌનું મોઢું મીઠું કરાવી તેમનો આભાર માન્યો હતો. વિપક્ષના નેતા તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ પરેશ ધાનાણીએ કોંગ્રેસના ચૂંટાયેલા ધારાસભ્યો સાથે એક મહત્વની બેઠક યોજી હતી, જેમાં વિધાનસભામાં ગુજરાતની જનતાના પ્રાણ પ્રશ્નો ખાસ કરીને પાણી, ખેતી, સિંચાઈ, રોજગારી, શિક્ષણ સહિતની સમસ્યાઓ તેમ જ ખેડૂતો, યુવાનો અને મહિલાઓની સુરક્ષા સહિતના મુદ્દાઓને લઈ સરકારને કેવી રીતે ઘેરવી અને સરકાર પાસે કયા પ્રકારે ઉગ્ર માંગણી કરી તેની અસરકારક અને ઝડપી અમલવારી કરાવવી તેની રણનીતિ સમજાવવામાં આવી હતી.

## વ્યવહાર ખોરવાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રભાવિત થયો છે. ત્રણ દિવસથી ઉત્તર ગુજરાતના રૂટોની બસો બંધ છે. ગાંધીનગર જિલ્લામાં પણ બસોને આગ લગાડવાના અત્યાર સુધી ૫ કીસ્સાઓ ધ્યાને આવ્યા છે. ત્યારે ઉત્તર ગુજરાત તરફ દોડતી એસ ટી બસોના પૈડા થંભાવી દેવાયા છે. જેના લીધે આ રૂટમાં જવા માટે મુસાફરોને બસ મળતી નથી. ખાનગી વાહનોમાં જવુ પડે છે. એસ ટી ની બસોમાં સતત આગ લગાડવાના બનાવોના અંતે એસ ટી નિગમ પણ આ રૂટમાં બસો દોડાવવા માટે જોખમ લેવા માંગતુ નથી. અમદાવાદ એસ ટી નિગમની સુચનાના પગલે ગાંધીનગર ડેપોમાં જ આ રૂટોની બસોને રોકી દેવામાં આવી હતી. જયારે છેલ્લા બે દિવસથી હજુ આ બસો યથાવત સ્થિતિમાં છે. જયાં સુધી એસ ટી નિગમ દ્વારા સુચના આપવામાં નહીં આવે ત્યાં સુધી ડેપો કક્ષાએથી ઉત્તર ગુજરાત રૂટની બસો દોડાવવામાં નહીં આવે.

## કુરૈશી ઝડપાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુનાઓમા તે મોસ્ટ વોન્ટેડ હતો. આ અંગે શહેર ક્રાઈમબ્રાંચના જોઈન્ટ પોલીસ કમિશનર જે.કે.ભટ્ટે જણાવ્યું હતું કે, ગત જૂલાઈ-૨૦૦૮માં અમદાવાદ શહેરમાં ૧૬થી વધુ અલગ-અલગ સ્થળો પર સિરિયલ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા.

## મહત્વની સુનાવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અગાઉ ચાર રાજ્યો તરફથી દલીલ કરવામાં આવી હતી કે, ફિલ્મને મંજુરી આપતી વેળા સેન્સર બોર્ડે ફિલ્મ નિર્માણ અને અન્ય પાસાઓ ઉપર ધ્યાન આપ્યું છે. સંભવિત કાયદો અને વ્યવસ્થાની બાબત ઉપર ધ્યાન આપ્યું નથી. ફિલ્મને લઈને સામાજિક મતભેદોની સ્થિતિ પ્રવર્તી રહી છે. સુપ્રીમ કોર્ટે ગયા ગુરુવારના દિવસે ફિલ્મને મંજુરી આપતી વેળા વિસ્તારપૂર્વક વાણી સ્વતંત્રતાના અધિકાર અંગે વાત કરી હતી. શુક્રવારના દિવસે પણ ફિલ્મની રજૂઆત સામે અરજી કરવામાં આવી હતી પરંતુ આ અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો.

## ટ્રાન્સફર કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

નથી. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, કોઈ પણ હાઈકોર્ટ આ મામલાની સુનાવણી કરશે. મહારાષ્ટ્ર સરકારના વકીલ હરીશ સાલ્વેના જોરદાર વાંધા પર વિચારણા કરીને બેંચે કહ્યું હતું કે, વર્તમાન સ્થિતિ મુજબ આ સ્વભાવિક અવસાન છે. બીજી બાજુ સુપ્રીમ કોર્ટે લોયાના અવસાન સાથે સંબંધિત હાઈકોર્ટના બે કેસો પોતાના હાથમાં લીધા છે. આગામી સુનાવણી માટે બીજી ફેબ્રુઆરીની તારીખ નક્કી કરવામાં આવી છે. મુંબઈ હાઈકોર્ટ અને તેની નાગપુર બેંચમાં બે અરજીઓ પેન્ડિંગ રહેલી છે.